ચંદન મલયાગીરી નાટકનાં ગાયનો.

પ્રસીદ્ધ કરનાર.

C. C.

महादेव रामचंद्र जागुष्टे बुकसेलर.

પુસ્તકાલય અમદાવાદ.

આવૃત્તિ ૩ જી. નકલ ૩૦૦૦.

અમદાવાદ.

સલાપોસના દરવાજે શ્રી "ડાયમંડ જ્યુબિલી"
પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યાં.

સંવત્ ૧૯૫૫ સને ૧૮૯૮

કીંમત ૫ આના.

चंदन मल्यागीरी नाटकनां गायनो.

સર્વ પાત્રો **ઇશ્વર સ્તુતિ.**

શ્રી જીન પ્રભુ સુમતિ દઇને, દુઃખ વિદારો સુખકર થઇને,
ગતી તારી, અતિ સારી; ન્યારી ન્યારી, જાઉં વારી અ-૨
સત્ય શિયળનો મહીમા આજે, પૃથ્વીમાં સર્વે સ્થળે ગાજે;
તેહ પ્રત્યક્ષ બતાવા કાજે, હોંસ ધરી, પ્હેલ કરી છે, આજે આ શ્ર-

ચંદન— **બિહાગની ગજલ.**

મધુર વદની દેખી, પ્રિયા હર્ષ દિલે થાય;
માટે પટરાણી કરી, રાખુ સંગ સદાય;
કોકીલ સમ કંઠ સુદર, મુખ પુનમ ચંદ;
લોચન કમળ દેખી લાજે, જોઇ હાસ્ય મંદ.
અથાગ પ્યાર પ્યારી મારી, રાખે મુજપર,
આનંદ ઉર આવે અતી, રહું ખુશભર.

મલ્યાગીરી—આપના પ્રતાપે સ્વામી, સદા પામું સુખ.
ઘડીના વિયોગે લાગે, વરસ સમ દુખ
પ્રેમ લાલીને પટરાણી, મુજને કરી;
ઉપકાર વાળુ શું, આ જીભથી કરી.
પાણી લ્યોને પી, પેલી દાસી લાવે છે;
ચાલો પછી પલંગ માહી ઉંઘ આવે છે.

(રાજા સુઇ રહે છે, થોડી વારે કુળદેવી આવીને)

કુળદેવી.— **ગીતી.**

ચેત તું રાજા ચંદન, તુજ હિતાર્થે હું અહીંઆં આવી;
પુત્ર જાણીને મારો વાત તુજને દઉંછું જણાવી.
પુરવ ભવના પાપે, બાર વર્ષ તક દુઃખ તુજને પડવે;
પણ સત્ય સાચવેથી, શનીશ્ચર ઝાઝો નહીં તુજને નડશે.

ચંદન— **ત્રિતાળની ચોપાઈ.**

માત સુણો તમે વાત મારી, બહુ કસુર કીધી તમારી;
જપ પુજાદીને છોડી દીધાં, નથી નેહેવારો કે પર્વો કીધાં.
તે અપરાધ ખમાવો મારો છુ શરણાંગત હું તમારો;
દયા લાવી પધાર્યા આજ, આપ દર્શનને સરશે કાજ.

કુળદેવી—ભુંડા ભવિષ્ય લેખ છે તારા, માટે ધીરજ ધર બેટા મારા
જે પૂર્વ ભવે કર્યા પાપ, તે ભોગવે છુટશે આપ,
નથી એમાં મારો ઉપાય, કર્મ લેખ મિથ્યા નહી થાય,
માટે ધિરે ધિરે દુઃખ સેહેવું, ધર્મ કાર્યમાં મચ્યા રેહેવું.

(એમ કરી કુળદેવી અતરધ્યાન થઈ જાયછે રાજા દીલગીર થઇને)

ચંદન-- **બનજારો.**

સત્ય વાત સુણો પ્રિયા મારી, આવ્યું સંકટ વાદળ ભારી—ટેક.
કુળદેવીએ કહ્યું મુજને, અહીં રહેવાથી દુઃખ તુજને;
તેથી થવું વન વિહારી; આવ્યું૦
પુત્ર લેઈ પીયર પધારો, લેશે સંભાળ તાત તમારો;
નહીં સે'વાય વન દુઃખકારી.

મલયા૦—શાણા થઇ આ શું બોલો શિદ વિચાર આવા ડોળો;
નહીં કદી હું જુદી થનારી, ભલે સંકટ આવ્યું ભારી—ટેક

તાપ તડકા વનના સહશું, પણ સાથે સદા રહીશ હું,
કરૂં શેવા તમારી.

ચંદન—આમ જક કરે શું માલ ! હયાત મળશું કાલ
માટે પીયર પધારો પ્યારી.

મલ્યા૦— નહીં નહીં વાત થનારી.

ચંદન—ત્યારે ઉપાય એમાં શો મારો, ભલે સંગેવન પધારો;

મલ્યા૦—હાશ ઠરી આંતરડી મારી, પ્રભુ સંકટ દેશ વિદારી.

ચંદન—તમે તૈયાર જલદી થાજો, નહીં કરવો વિલંબ ઝાઝો;
હાલ રાજ્ય સભા બોલાવું.

મલ્યા૦— ચાલો હું પણ તૈયાર થાઉં.

ચંદન **ખુશ રહો સનમજા—એ રાહ.**

સૌ સભાજનો સુણ સત્ય વાત તમે મારી;
નવ દુઃખી થાશો દિલ ધિરજ ઉર ધારી;
મારે પ્રભાતે જવું વનવાસ પૂર્વના પાપે.

પ્રજા—હાય ! ગજબ ! રાજાજી વચન કહ્યું શું આપે.

ચંદન—અરે આમ શાને અકળાઓ, પુરવજનો મારા;
જે ભવીષ્યના લેખ, નહીં ફરનારા.
મુજ ઉપર ઈશનો કોપ થયો છે ભારી;
માટે અવસ્ય જવું વનવાસ, જુઓ વિચારી.

સુબુદ્ધિસાગર— (ક્ષત્રી કંલકનો રાગ)

હાય હાય ક્યાંથી આવ્યું દુઃખ, દાવાનળ દીલમાંહી સળગેરે;
ક્યા શત્રુએ હરી લીધું સુખ દાવાનળ દીલમાંહી સળગેરે.
સત્યવંત છે શાહ ચંદનરાય, દાવાન૦

વળી મહા સતી માતા ચંદનરાય,
સુણી વાત પ્રજા આંખે લાવે નીર, દાવાનળ૦
તેથી ભરાઇ આવે મારૂં ઉર, દાવાનળ૦
અરે ! રાજા કદી વન જાય, દાવાનળ૦
કરૂ ઘાત વિયોગ નવ સેવાય, દાવાનળ૦

પ્રજા— ગિતી.

વન નહીં વિચરાયે, હે રાજાજી સત્ય વચન કહીએ;
આપ ગએથી પુરમાં. કહો અમે પણ શી રીતે રહીએ.

ચંદન— (રાગ ગોપીચંદનો)

પુરજનો પધારો પાછાં હવે સૌ પુરમાં–ટેક.

પ્રજા—નવ તનમાં સધારો, આગ ઉઠે અમ ઉરમાં–ટેક.

ચંદન—ઇશ્વર ઇચ્છા એવી જ્યારે, ત્યારે શો ઉપાય;
લેખ લેલાટે માંહી અવળા, તેથી જવું વનમાંહીરે, પુરજનો૦
પુર્વે જન્મનાં પાપ કરેલાં. ભોગવે છુટા થવાય,
માટે જવા દોને વનમાં, ધરી ધિરજ દીલમાંયરે. પુરજનો૦
જીવતાં હઇશું તો કાલે મળશું પાછા આપણે આય;
તેથી હાલ પધારો પુરમાં; વખત વિતી જાયરે. પુરજનો૦

પ્રજા—આપ તણા વિયોગે કદી જુદુ કેમ પડાય;
સાહેબ અમે આવશું સંગે, સાથે રહીશું સદાયરે. નવ૦
દેવ દેવીઓના કરી નિવેદો, સંકટ કરશું દુર.
માટે મ્હેર કરી મહારાજા, પાછા પધારો પુરેરે. નવ૦
જીવમાં જીવ હશે ત્યાં સુધી, રક્ષણ કરશું સદાય;
પ્રભુ પાસે પણ માગીશુ, કે કરોને રાયને સ્હાયરે. નવ૦

ચંદન-- **ગીતિ.**

શોક તમે સૌ છોડો, પ્યારી પ્રજા વચન માની મારૂં;
કુશળ રહેજો હરનીશે, ઇશિતું એવું વચન માગુ સારૂ.

સાયર નીર— **(કુંવરી કુંવર લાડકા એ રાગ)**

માતા પીતા સુણો વિનતી, નવ ચાલી શકાય
નથી જોડા વળી પગમાં, તેથી કાંટા ભોંકાય. માતા૦
તડકો માંથે બહુ પડે, લાગે પાણીની તરસાય.
જીજીયજો આ જીવડો, મારો મસ મુઝાય. માતા૦

ચંદન--છાનો રહે સુત માહારા, નવ ભર નેણું નીર;
પાણી પાશું પને કને, ચાલ જલદીથી વીર. છાનો૦

અલ્યા--અરેરે કંપારો છુટે મને, જોઈ આવું દીલ;
પાણી વિના બાળ ટળવળે, જાણે ન હોય બીલ. છાનો૦
સુખ સેજામાં પોઢતાં, પીવા અમ્રત નીર;
તેને દુર્લભ દેખવું, થઇ પડયું છે નીર. અરે૦

ચંદન—રડ નહી પ્રીયા તમે, રાખો હ્રદયમાં હામ.
વન વિશે નથી શોભતું, તારે રડવું આંય. રડો૦

શાબળશા— **ત્રિતાળી ચોપાઇ.**

કોણ તમે કયાંથી આવ્યા, કહો સદેસો કોનો લાવ્યા;
લાગે દુ:ખથી જાત તમારી, કરો વર્ણન સૌ વિસ્તારી.

ચંદન—દુર દેશથી આવ્યા આજે, શેઠ નોકરી લેવારે કાજે.
માટે રાખો તો મેહેરબાની, અમે આશીશ દેશું સદાની.

શબળસા-ભલે રાખું હું પ્રીતે તમને, તમ આવેથી ઉમંગ અમને.
(ચંદનને-નિત્ય દેવ શેવા તારે કરવી, તારી નારીને ઘર કામે ધરવી.
ગાયો ચરાવે પુત્ર તારા, આપું પગાર હું સારા;

તમને પંદર પંદર આપું, બાર બાળકના થાપું.

ચંદન—શેઠ સાહેબની ઇચ્છા જેવી, આ ચાકરોની પણ તેવી,
ખુશી સાથે કામ કરશું આપ આજ્ઞા શીરપર ધરશું.
કર્યો ઉપકાર તમે અથાગ, તમને આપશું તેનો લાગ;

સબળસા—સુખેથી સદા અહીં રહેજો..................

ચંદન—....................આપ મને વાંચ્છીત ફરજો.

મલ્યાગીરી— રાગ કેરબો.

સુણો સુણો સ્વામીનાથ, તમે વાત મારીરે;
બાત મારીરે નાથ વાત મારીરે. સુણો૦

શેહેર વિષે સોદાગર આવ્યો, લેઇ પુઠે પરીવાર;
ગાડી ઘોડા ઉંટ લાવ્યો દ્રવ્ય અપાર. સુણો૦
બપોરે હું નવરી બેશું, નથી કામ લગાર;
મારા કષ્ટનો ભારો લઈ વેચવા જઉં તે દ્વાર. સુણો૦
મુલ મો માગ્યુ ત્યાં ઉપજે છે નજરે જોયું આજ;
તેથી શો વિચાર આપનો સ્વામીજી શિરતાજ સુણો૦

ચંદન—ઠીઠ ઠીક છે વિચાર, પ્યારી વાત સાચીરે.
વાત સાચીરે-પ્યારી વાત સાચીરે. ઠીક૦
નવરા ઝાઝુ ન બેસવું, એ ઉત્તમનું કામ
હરનિશ હોંશે ઉદ્યમ કરી, એકઠા કરવા દામ. ઠીક૦
તુજ સમી સુંદર પ્રીયાથી, મુજને આનંદ થાય;
ઈશ્વર પાસે માગું એવું, સુખી કરો સદાય. ઠીક૦
ભલે ભામની ભારો લાવી, વેચવા જા તે દ્વાર;
નથી રોકતો એમાં તુજને, મારો એજ વિચાર. ઠીક૦

મલ્યાગીરી— ગિતી.

ત્યારે હાલ હું જાઉં, વન માંહેથી લાકડાં લેવા માટ
બાંધી ભારો ભારી, વેચવા માટે હું જઈશ પ્રભાત.

ચંદન—વખત થયો છે આજો માટે ચાલો જઈએ શેઠની પાસ.

મલ્યાગીરી—હું પણ સાથે આવું, હજી નાંખવું છે ગાયોને ઘાસ.

મલ્યાગીરી—(જંગલમાં) **(લાવણી.)**

અરે આતે કેવી વાત, જગતના તાત, દ્રવ્યના માટ, થઉ કઠિયારી;
તોડી વૃક્ષો વેચવા, જઉ બનાવી ભારી.
હું મહેલ માંહી રહેનાર, દાસી અપાર, કરવા સાર, રાખતી મારી;
તે કરૂં નિચનું કામ જય ત્યાં મારી.
મુજ સ્વામી ચંદનરાય, દાસપણું હાંય, કરે સદાય, આજ્ઞા માની;
જેને રાત દિવસ કોઈ દીન, હતી નહી જાણી.
વળી લાડકડા બે બાળ, થઇ ગોવાળ, લેવા સંભાળ, ગાયોની વંનમાં;
જોઇ જતાં નીરખી, નયન બળુંધું તનમાં.
નથી જોયાં તાઢ કે તાપ, દાસ થઈ આપ, સહેછે તાપ, શરીરે ભારી;
કર્મ તણી એ પ્રભુ, ગતી છે ન્યારી.
દુ;ખ આતે નવ વેઠાય, થઉં ત્રાય ત્રાય, દીલમાં લાય બળેછે મારા;
કરો સહાય અરે, ઓ પ્રભુ થઇ આધારા.
નમુ લળીલળી લાગુ પાય, કરોને સાહ્ય, મુજને ત્યાંય, એ અર્જ મારી
તોડી વૃક્ષો વેચવા, જવું બનાવી ભારી.

મલ્યાગીરી— (મીઠડાં ગોરસ લો. એ રાગ)

સુકી ભારી લ્યો, ભારી લ્યો, ભર્યાં છે લાકડાં ભારીરે. સુકી.

(એમ કહી આગળ જાયછે.)

ધનપતજી— **બીભાસ અદ્ધાની તાલ.**

કોયલ કયાં ટઉકારી, મધુરી આ કોયલ કયાં ટઉકારી;
કે વાંસળી વનમાં વગાડે છેલ છબીલો વિહારી. મધુરી૦
ગુણવંત-નથી વાંસળી કે કોયલ આંહી, પણ બોલે કઠીયારી;
લાકડાં વેચવા પોતે આવી, બેશ બનાવી ભારી, મધુરી૦
ધનપતજી-તેનો સ્વરશું સુંદર આલો, ધન્ય ધન્ય કઠીયારી;
ચાલો ત્યારે જોવી તેને, ઇચ્છા એવી થઇ મારી મધુરી૦

ગુણવંત— **(ગીતિ.)**

સાહેબ સુખે બેસો, કઠીયારીને બોલાવું હજુર;
(સીપાઇને) જમાલ જાતું જલ્દી, સમજાવી લાવ્ય અહી જરૂર.
જમાલ—હજુર હુકમ ઉઠાવું, આજ્ઞા મુજબ કાંમ કરૂ જઇ;
ધનપત—છોડી છેક લવારો, જલ્દી જઇને લાવ્ય એને અહીં.
(સીપાઇ મલ્યાગીરીને તેડી લાવેછે)

મલ્યાગીરી— **(ગીરધારીરે એ રાગ.)**

શાણા શેઠજીરે, શાથી મને બોલાવી શું કામ પડયું તે તેડાવી.
હું લાવીછુરે લાકડાં તડકે તપાવી, તેની ભારી બેસ બનાવી.
ઝુલ-પણ મોંઘીછે ભારી મારીરે, બહુ વજનમાં છે વધારીરે;
લેવા હોય મરજી તમારીરે, તો આપોરે મોહોર મને બેસારી. શા૦
ધન૦- કઠીયારી જોઇ ભારી તમારી, છે સુકી ને વળી સારી;
કહો કિંમતરે લેવી હોય જે નારી, રાખી આપું ભારી તારી.
ઝુલ-સત્ય કહેંસો તો નિશ્ચે લઇશુરે, તુર્ત રોકડાં નાણાં દઇશુરે;
જ્યાં સુધી અમે રહીશુંરે, ત્યાં સુધી ભારીઓ તારી લઇશું.
મલ્યાં—સાહેબજીરે કીમત તેની શું કરીયે, જે દેવું હોય તે ધરીયે

એમાં કહીયેરે, જક અમે નહી કરીયે, નવ સદેહ રાખશો જરીયે;
ઝુલ—ભારી પાછી હું બીજી લાવુંરે, માટે ખોટી શા માટે થાવું રે;
લાવો નાણાં ઘેર મારે જાવુંરે, જે આપશોરે તેથી છે ખુશ થાવુંરે.
ધન—સદગુણીરે ઉતાવળ શી તારે, ઘડી બેસ તું પાસ મારે;
કહો બહાલીરે જાઓ કયાં વારે વારે, કેમ કષ્ટ સહો છો ભારે;
ઝુલ—કાયા કોમળ દીસે તારીરે, કેમ ઉંચકી શકો છો ભારીરે;
લાગે ઉંચી જાત તમારી, અલબેલીરે, વાત કરોને વિચારી—કે૦
મલ્યા૦—પૈસા માટેરે શેઠજી મેહેનત કરયે, તાઢ તડકો અંગે ધરીયે.
ધન૦—પ્રેમે સોદો આરે ખુશથી કરીએ, જે જોઇએ તે હાજર કરીયે;
મલ્યા૦—ઝુલ ઝટ આપો પૈસા અમનેરે, કરવી વાતો પાલવે તમને
રે; નવકહીએ પાલવે અમનેરે, માટે લાવે રે નાણાં નમું હું તમનેરે—કે૦

ધન૦—(છેડો પકડીને) **રાગ કેરબો.**

સુંદર મન હરનારી પ્યારી કહે વાત મનેરે;
કહે વાત મનેરે, તારી વાત મનેરે; સુંદર૦
કામની કોમળ કાયા તારી, વાણી વિવિધ રસાળ;
કુટીલ એ કઠિયારા સાથે, કેમ પડે છે તાલ સુંદર૦
ઇંદ્ર અપ્સરા જેવી તુજને, નીચ મળ્યો છે નાવ;
અભુજ હાથે હીરો આવે, એવો તુજ બનાવ. સુંદર૦
કઠીયારી કહું મારી સાથે, પ્રિય કરો લગ્ન;
પટરાણી હું સ્થાપી તુજને, રાખીશ સદા મગ્ન સુંદર૦

મલ્યાગિરી—શેઠ સાહેબ; બોલોને વિચાર કરીરે;
વિચાર કરીરે, તમે વિચાર કરીરે;— ટેક
વિચાંરવંત વિલક્ષણ વાણી. શીદ વદોછો આપ;

આ ભવમાં તો અવર પુરૂષો, ધારૂં બંધવ બાપ. શેઠ૦
મુલ મારૂં આપો જલદી, મ્હોં માગ્યું ભરપુર.
ખીચડી ખાંતે ઘેર ખાઇશું, આશીશ દેશે ઉર શેઠ૦
ધનપતજી—સ્નાનના લ્યોને આપું તમને, મ્હોં માગ્યાં હું દામ:
મલ્યાગિરી—લાવો શેઠજી સાહેબ, નીત્ય આપજો આમ. શેઠ૦
ધનપતજી—(સ્વાગત) ગીતિ
હશે હવે એ છો ગઈ, અવસર નથી મારો કાંઇ આજ;
લગાર લોભ દેખાડી, પછી સમારી લેવું આપણું કાજ
અરે ! કરૂ જો આમતો, કામ ધાર્યું નિશ્ચે સૌ થાય;
વિદાય કરૂં લશ્કરને, એટલે હરણ સુખે એનું થાય.
જમાલખાં—આઈ એમ વેરીગુડ બંગાલી બાબુ.
કયું જમાલખાં કેસી મજા, નિત્ય ઇશ્વર આતી હે:
કેસી કસી ઠંડી લેહેરા, ખુસીશે ખવાતી હે,
સેહેલે કરનેકું ચલો શેહેરમે, અચ્છે અચ્છે દેખેગે;
ઓર રસ્તેમે અચ્છી નાજની, દુર નજરસે પેખેગે.
જુતીખાં—મત બોલની બેટે મેરે, વો કયા હોવેગા તુજસે.
અડબંગ—તુમસે કદી નહી બનેગા. સબસે હોવેગા મુજસે.
બડા બહાદુર બંકા હુમે, મુકીસે તોડુ પાપડ;
જમાલખાં—તેરે કરતાં મે હું બાહાદુર, ગીર પડુ લગે થપ્પડ.
જુતીખાં—મેબી ધુમ પડે પશ્ચીમસે, પુરવમેં હો જાઉં ગુપ;
અડબંગ—અરે સાળે શેઠ આતેહે, ઉસ લીએ હો જોઓ ચુપ.
ધનપતજી—(પ્રવેશ કરીને) **રાગ કલ્યાણ.**
પ્યારા નોકરા સામાન સહુ ભરો.
જેમ જલદી બને તેમ, કુચ સહુ કરો. **ટેક.**

ઘણા દીવસથી રહ્યા આપણે, નાંખી અહીં મુકામ;
કામ કયારનું કરયું આપણું, માટે ચાલો ગામ. પ્યારા૦
નવો માલ લીધો અહિંથી, તે ભરો ગાડા માંય;
ચાલો જઇએ ગામ બીજે, તોતો ઠીકજ થાય. પ્યારા૦
વીલંબ વ્હાલા હવે ન કરશો, માની મુજ વચન;
હુ પણ ગાડી જઇ જોડાવું, જવા આપ વતન. પ્યારા૦

મલ્યાગીરિ—

સુકી ભારી લ્યો, ભારી લ્યો, ભરયાં છે લાકડાં ભારીરે. સુકી૦

ધનપત—(છેડો પકડીને) **રાગ દાદરો.**

નાસે શું નારી, નાસે શું નારી.
કાલે અપમાન મારૂં, કરી નાશી ગઈ;
હવે હાથ આવી માંરે છોડું નહી નહી. નાસે૦

મલ્યા—ભુલી હું ભારી, ભુલી હું ભારી;
શેઠ સાહેબ માફ કરો, નમું છું નાદાન;

ધન૦—હજુ સાથે આવવાને માન રાંડ માન;
ચાલ ઝટ હવે, કર નહી વાર;

મલ્યા૦—દુર રહે દુષ્ટ દૂર, શ્રાપ દઉં આ ઠાર;

ધન૦— **જંગલો દાદરો.**

રાંડ હજી કહ્યું નથી માનતી તું મારૂં રે;
ઉઠ ઉઠ જલદી નહી તો મોત આવ્યુ તારૂં રે. એ ટેક
આટલો વખત તુને કહી થાકયો રે,
તોએ માનતી તું નથી ત્યારે રાહુ પાકયો રે. રાંડ,
હવે કદી રાંડ તને નથી છોડનારેરે.

સાયર, નીર—ત્રતાળી ચોપાઇ.

કેમ નથી આવી મુજ માત, કહો કારણ તેવું હે તાત;
ભુખ લાગી બાપા બહુ, તમે કહો તે ખાઉં.

ચંદન—હમણાં આવશે તે બેટા મારા, હજુ વેચાયા નહીં હોય **ભારા**;
માટે જાઓ તમે રમો બહાર, જોઇ આવું લાગી કેમ વાર.

(એટલામાં એક ચાકર આવીને કહે છે)

ચાકર— ગીતિ.

અરે સુણુ તુ ભાઇ, માઠી ખબર લાવ્યો છું તારી;

ચંદન—કહેને જલદી શી તે.................................

ચાકર—.....................સોદાગરે હરી છે તુજ નારી.

ચંદન—(મૂર્છામાંથી સચેત થઇને) **બેત.**

અરે! દઇવી દેવ! હાય! શું થયું! પ્યારી જોરી જેવું રત્ન હાથથી ગયું
અરે કહો હાલ શા થશે માહરા, અરરે ગજબ સો થયો દુ:ખહરા.

બાળકો—કહો શાને માટે રડો છો હે તાત;
બતાવોને જલદી અમારી માત ?

ચંદન—હવે પ્યારા. પૃત્રો તે નહીં જડે !

બધાસાથે—અરે! હાયે? ગજબ શાં દુખડાં પડે !

(મુર્છાગત થાય છે.)

ધનપતજી— **પંજાબી ઠેકો.**

ઉઠ જક છોડી મારા સમ છે એ નારીરે,
નથી એમાં સાર ઝાઝો અંતે છે ખુવારીરે. ટેક.
સાને શોક કરી તું, દુ:ખવે જાત તારીરે,
જમવા ઝટ ઉઠ તું, કહ્યું લે વિચારી રે. ઉઠ.

અલ્યા—છોડો તમે છાલ મારો, કહુ લળી લળી રે;
દુષ્ટ આપ દાનતથી ગઇ છું હું ગળીરે; ઉક.
અહીં મારે અન્ન પાણી હરામ તે ખાવું રે;
ધનપતજી—પ્યારી મારી રાણી થઇને બોલેછે શું આવુંરે ઉક
ઇચ્છા તારી રહેવા, હોય સાથે મારીરે;
તો તને હું નહી બોલાવું, નહી કહું નારીરે. ઉક.
એમ કહી પરાણે, જમવા તેડી જાય છે.

ચંદન— **આશાગોડી.**

આશા હવે એક તારી, કૃપાસીધું આશા હવે એક તારી–ટેક.
રાજપાટને મુક્યું આ હાથે, સુખ થવાનું વિચારી–કૃપા સીધું.
વળી ચાકરી હુ કરી ચુકયો, રાણી બની કઠીઆરી–કૃપા સીધું.
બાળક બંને ગોવાળ થઇને, ખાય છે ગાયો ચારી–કૃપા સીધું.
તેમાં પણ વળી વીઘ્ન આવ્યુ પ્યારી હરણ થઇ મારી–કૃપા સીધું.
હાય ! હાય આ દુઃખ ડુંગર, નહી સહે જાત મારી–કૃપા સીધું.

બાળકો—(નદી જોઇયે) **ગજલ**

અરે પીતા જુઓ નદી, પેલી રહી પાણી ઝાઝુ દીસે જવાસે' નહી;
પણ મગરો કુદાકુદ બહુ કરે, વળી મોટી મચ્છો જુઓ એ ધરે.

ચંદન — **ગીતિ.**

બેસ અહીં તું સાયર, નિરને મુકી આવું નદીની પાર;
પછી તને લઈ જઇશ, ત્યાં સુધીતું ઊભો રહે આ ઠાર

(રાજા નીરને મુકી પાછા આવતાં પૂરમાં તણાઈ જાય છે તેથી
એ કાંઠે બે બાળકો રડે છે,)

સાયર--**નીર**—(ડુબકાં ભરતાં ભરતાં) જગતના દેવ. એ રાગ.
જગત ત્રાતા, દયાળુ તમે; છીએ શરણે તમારે અમે;

તણાય તાત, નદી પુરમાં, બળે હોળી તેથી ઉરમાં.
વળી માતની નથી કાંઇ ભાળ, પડયાં એકલાં લેજો સંભાળ
અરે હાય! હવે કરૂ શું કૃપાળ, થશે શા હવે અમારા હાલ

વટેમારગુ— ત્રિતાળી. ચોપાઇ.

એરે બાળ શાને રડે તું, આપ ઉત્તર પુછું જે હું;
રહે છાનો ધરીને ધીર, ખમા છે ખમા તને મારા વીર.
તું ચાલની મારી સાથે..

નીર.............. લાવો ભાઈ મારો પેલા કાંઠે;
એના વિના ગમે નહીં ખવું, એ આવે તો હું આવું

ચંદન— ગીતિ.

ખેમ ખુશલ હું આવ્યો, હાશ! હવે કાંઈ નથી બીક ઉરમા
હાલ દરવાજન બંધ છે, પ્રભાતમાં જઈશું પૂરમાં.

કોટવાલ— ગોપીચંદનો રાગ.

ભાગ્યશાળી ભુપત ભાગ્ય ખુલ્યું આજ આપતું. ટેક.
રાજ્ય મુગટ મેલો શિરપર; ધરી મન ઉમંગ;
જામા પણ વળી ઝરીના, પેહેરી લ્યોને અંગરે. ભાગ્ય૦
આજથી રાજની લગામ આપને, સોંપે સૌ સીરદાર
રૂડી રીતે રઇયત કેરી, સદા લેજો સંભાળરે. ભાગ્ય૦
હવે ચાલો રાજ્ય સભામાં, પવિત્ર કરવા તખ્ત;
ઇશ્વિર દીર્ઘ આયુષ્ય માટે, ઇચ્છીએ વખ્તો વખ્તરે. ભાગ્ય૦
ધન્ય ધન્ય દીનછે, ઉરમાં હર્ષ અપાર;
સભા મંડપમાં હવે સિધાવો, સદા થજો જયકારરે.

ધનપતજી— ત્રિતાળી ચોપાઇ.

જે લાવ્યો છું હરીને નાર, નથી રાખતો મુજપર પ્યાર;

રોજ રૂદન પુષ્કળ કરે, નિજ નયણે નીરે ભરે,
મારૂં કહ્યું માને નહી, માટે હવે રાખવી નહી.
તે નથી મારા કામની, કોઇ પરણું સારી ભામની,
હાલ રાજા નવો જે થાય, તેને અરપુ સભાની માંય.
તે જોઇને સારી નારી, થશે મુજપર ખુશી ભારી.
તેની ભેટ મળશે સારી, તેથી ભાવઠ ભાગે મારી.

વારાંગનાઓ—(આઇ બ્હાર બાગમાં બેલા ચંબેલા મોગરા. રાગ
આઇ ખુશીથી નાચવાને હું, સભામાં સહોદરા;
બેંક બેંક બેંકી રહ્યા, ગુલાબ ચંપો મોગરા. આઇ૦
આસ પાસ પ્રજા સરવે પ્રધાનો હુવા;
રંગ જામ્યો અજબ આજ, દરબાર ખીલા હુવા. આઇ૦
રાજ્યાસને મહારાજ ચંદન, ચળકત હયો.
નાચ ગાન તાન હુવા, લાલ જાન તાન હયે. આઇ૦
જાઈ સભાકી બહાર, આજ ખુશી મેજ હુઈ;
હે પ્રભુ મ્હેર કર, સાહે થાજે તુઇ તુઇ. આઇ૦

ચંદન— **ગીતી.**
સુંદરી શારે રડે તું વરણુન તારૂં વરણવી મુજને કહે;
ધરી ધીરજ તું દીલમાં, મારા સમ છે રડતી છાનીરે.

મલ્યા— **મેરે ગમકાતરાના એ રાગ.**
ભેવો રાજા હમારા, હાલ નઠારા,—સાંભરો કહુ વાત.
નથી નસીબ સારા, છીએ નોધારા, હાલ નઠારા—સાંભળો.
સ્વામી સંગે હું ગઇતી, ભોગવવા વનવાસ;
ત્યાંથી આ દુષ્ટે હરી આવ્યો, બળી કરી અવાસ
વિચાર કરો નઠારા, દુઃખના મારા, હાલ નઠારા—સાંભળો.

સાયર નીર એ સુત મારા, સ્વામી ચંદનરાય. (રાજા ચમકે છે
છુટા તે સઉએ, પડ્યા મુજથી અંતર દુખ તે થાય:
તેથી આંસુની ધારા, વહે ચોધારા, હાલ નઠાર—સાંભળો.

(એટલામાં બાળકો આવીને)

સાયર— (દયાળુ દેવ એ રાગ,)

અરે તાતજી સુણોને તમે, છુટા જ્યારથી પડીઆ અમે;
ત્યારે રૂદન કરતા તાં આવી, આપણે લીધા સંગાત.
આવ્યા ત્યાંથી અમે ચાલતાં દીઠી પુરબહાર ધજા ફરકતી.
જેથી ઉમંગ આવ્યો ઉરમાં, મળી સહુ ભાસ તેથી પુરમાં.
થયા રાયજી ચંદન વળી હરખ હઇએ આવ્યો ફરી.
વળી સુખો, માતાજીનો સ્વર, આવ્યા તેથી દોડી હરપભેર.

સર્વે— **ઇશ્વર પ્રાર્થના.**

ખંતેથી વંદે આનંદે તુંજને;
દયાવાન, સુખની ખાણ, આપો સહુને—ખંતેથી૦
તુજ ગુણ ગણના નહીંજ ગણાય !
સત્ય તણી કરતો રક્ષાય.
શીળીવતીને ફળીભુત થાય.
થાય થાય થાય, વળી દુખ દુર જાય, જન વિયોગી ભેટાય.
અને સુખ બહુ થાય—આ હા હા હા !
છનનન છુમ છુમ (૨) રૂમ ઝુમ ઝુમ ઝુમ (૨)
ક્રીડક્રીડધા કીડક્રીડધા, ચટપટગીન્ના,
હે જગદીશ્વર જયવાન ! ખંતેથી૦

સમાપ્ત.